# સુરતમાં MSME ક્ષેત્રે રોજગાર તથા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા સેન્ટ્રલ બેંકનો વિશેષ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૭

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ સુરત દ્વારા 16 મે 2026ના રોજ રાજહંસ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક ખાતે MSME મેગા આઉટરીચ કેમ્પેઈનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ કોર્પોરેટ જનરલ મેનેજર રાજ કોકિલ સિંહ તથા રીજનલ હેડ નિશાંત રંજનના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

કેમ્પેઈન દરમિયાન બેંક દ્વારા MSME માટેની વિવિધ યોજનાઓ રજૂ કરવામાં આવી, જેમાં વણકરો અને ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓ માટે સેન્ટ ટેક્સટાઈલ, કેપ્ટિવ સોલાર પ્રોજેક્ટ્સ માટે સેન્ટ સોલાર ઉદ્યમ સુરક્ષા, સેન્ટ હોટેલ, સેન્ટ એન્જિનિયરિંગ તથા અન્ય વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે.

આ યોજનાઓ સ્પર્ધાત્મક વ્યાજદર અને સરળ ક્રેડિટ સુવિધા સાથે ઉપલબ્ધ છે. ઉપરાંત, બેંક દ્વારા MSME e-Advisory Services તથા Cent e-Trade Portal અંગે પણ માહિતી આપવામાં આવી.

મુલાકાત દરમિયાન કોર્પોરેટ જનરલ મેનેજર રાજ કોકિલ સિંહ અને રીજનલ હેડ નિશાંત રંજનએ FOSTA (Federation of Surat Trade & Textile Associations) ના પ્રમુખ તેમજ Southern Gujarat Chamber of Commerce and Industry ના પ્રતિનિધિઓ સાથે MSME ક્ષેત્રના વિકાસ અને પરસ્પર લાભદાયી વ્યવસાયિક તકો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.




## કેમ્પ દરમિયાન 103 કરોડના સૅન્ક્શન તથા 418 કરોડના બિઝનેસ લીડ્સ જનરેટ કરવામાં સફળતા મળી

આ કેમ્પેઈનને ઉદ્યોગકારો અને ઔદ્યોગિક એકમો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો. કેમ્પ દરમિયાન 103 કરોડના સૅન્ક્શન પ્રાપ્ત થયા તથા 418 કરોડના બિઝનેસ લીડ્સ જનરેટ કરવામાં સફળતા મળી. આ પહેલ ઉદ્યોગકારોને નવા વ્યવસાય શરૂ કરવા તથા વર્તમાન વ્યવસાયના વિસ્તરણમાં મદદરૂપ બનશે અને MSME ક્ષેત્રમાં રોજગાર સર્જન તથા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

# મંદી અને કાળઝાળ મોંઘવારીના સમયમાં કોઈને મદદ કરવી તે સ્વધર્મ છે: જૈનાચાર્ય પદ્મદર્શનજી

સુરત, તા.૧૭

મુંબઈ પાર્લા (ઈસ્ટ) ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઈ હતી. પૂજ્યનાં પાવન પગલાં અને પ્રવચન આરખી નિવાસી મીનાબેન રમેશકુમાર સોનમલ અમરાજીના ત્યાં સ્વગૃહે થયા હતા. આ પાવન અવસરે પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનું આચમન કરાવતા કહ્યું હતું કે,જન્મ અને મૃત્યુની વચ્ચે રહેલું જીવન નામનું પરિબળ અત્યન્ત મહત્ત્વનું છે.



## મુંબઈ પાર્લામાં જૈનાચાર્ય પદ્મદર્શનજીએ પહેલા સ્વધર્ અને પછી ધર્મ કરવાનો સંદેશો વહેતો કર્યો

તમારા જીવનવૈભવના હિસાબે આવનારા જન્મ અને એના પછી આવતું મૃત્યુ કેવું હશે તે નક્કી થાય છે. જીવનના ચોપડા ચોખ્ખા હશે તો જ્યાં જશો ત્યાં લીલા લહેર છે. જન્મ અને મૃત્યુની જેટલી ચિંતા કરો છો એના કરતાં વધુ ચિંતા જીવનની કરવી જોઈએ. સામ્પ્રત સમયમાં લોકોની જીવનશૈલી બદલાતી જાય છે. જમાનાવાદ, ભોગવાદ અને અનુકરણવાદને રવાડે ચડેલો માણસ વિવેકભ્રષ્ટ થયો છે. ઔચિત્ય પાલન નામના ધર્મથી માણસ અલાયદો થઈ ગયો છે. વર્તમાન સમયમાં ધર્મ વધ્યો છે તે શુભ સંકેત છે પણ સ્વધર્મ ભૂલાતો જાય છે તે મોટી દુ:ખદ ઘટના છે. માનવમંદિરમાં દીવડો બુઝાઈ ગયા પછી પ્રભુના મંદિરમાં જઈને દીવો પ્રગટાવો એનો ઝાઝો અર્થ સરતો નથી. માનવતા વિહોણી ધાર્મિકતા શોભતી નથી, પણ હાસ્યાસ્પદ બને છે.માનવીય ગુણો વિકસાવવાની જરૂર છે. કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણે અર્જુનને પહેલાં ધર્મ નહીં પણ પહેલાં સ્વધર્મ એમ સમજાવ્યું હતું.વિશ્વમાં અશાંતિ, અરાજકતા અને અંધાધૂંધી ફેલાઈ હોય ત્યારે હરવુ- ફરવું, ખાવુ-પીવું, મોજ-મજા અને જલશાબાજીઓ શોભતી નથી. નેતાઓએ ગાડીઓના કાફલા સાથે ફરવું, અંતરિક્ષમાં હવાઈ માર્ગે વિમાનો અને ચાર્ટર્ડ પ્લેનોમાં બિનજરૂરી ફરવું તે ઉચિત નથી.




સુરતના વેડરોડ ગુરુકુળ સ્વામિનારાયણવિદ્યાલયના મધ્યસ્થ હોલમાં ધર્મજ પાર્કિન્સન્સ કેર ટ્રસ્ટના ઉપક્રમે પાર્કિન્સન્સ (કંપવા) અને અન્ય મગજને લગતા રોગો અંગે જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ ટ્રસ્ટના સ્થાપક અને ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રકાશ રાખોલીયાએ કર્યો હતો. કેમ્પના અધ્યક્ષ તરીકે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધનજી રાખોલીયા, દયાળ ગોટી, રાકેશ દુધાત, પ્રદીપ રાખોલીયા, આયુષ ઉંધાડ, ડો.ભાવિન શિરોયા, ડો.ચેતન મોરડિયા, હરિ કથીરીયા, ભાર્ગવ કોટડીયા, જયંતી વઘાસીયા, ભરત કોટડીયા, નરેશ લખાણી, મેહુલ સુતરીયા, શૈલેષ ગોટી, અરજણ વઘાસીયા, મનહર લખાણી, નરેશ ઘેલાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીરઃ પ્રદિપ ગોહિલ)

# ઉધના રેલવે સ્ટેશનથી વધુ ૧૧ હજાર પરપ્રાંતિયો વતન રવાના

સુરત, તા.૧૭

ઉધના રેલવે સ્ટેશન ખાતે ઉનાળુ વેકેશન અને લગ્નસરાની મોસમ વચ્ચે આજે એક જ દિવસે અંદાજે 11 હજારથી વધુ પરપ્રાંતિય મુસાફરો વિશેષ ટ્રેનો મારફતે પોતાના વતન તરફ રવાના થયા હતા. મુસાફરોની ભારે ભીડ વચ્ચે ઓછી માંગને કારણે એક સ્પેશિયલ ટ્રેન રદ કરવાની ફરજ પડી હતી. તમામ ટ્રેનો એક પણ મિનિટના વિલંબ વગર નિર્ધારિત સમયે જ ઉપડી હતી.

સુરત અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રમિકો અને તેમના પરિવારો સ્ટેશન પર ઉમટ્યા હતા. ભીડને નિયંત્રિત કરવા તથા મુસાફરોને સરળતાથી ટ્રેનમાં બેસાડી શકાય તે માટે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ આયોજન કરાયું હતું. રેલવેના વરિષ્ઠ અધિકારીઓમાં એ.ડી.આર.એમ., ડી.સી.એમ., એ.ઓ.એમ. (નંદુરબાર), એસ.ડી. (સુરત), સી.એ.આઈ. (વાપી) અને સ્ટેશન સુપ્રિટેન્ડન્ટ સહિતના અધિકારીઓ પ્લેટફોર્મ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કરતા રહ્યા હતા. ડેપ્યુટી એસ.એસ. (કોમર્શિયલ) ની ટીમે પણ અલગ-અલગ શિફ્ટમાં રહી મુસાફરોને માર્ગદર્શન આપ્યું હતું. આજના શિડ્યુલમાં ટ્રેન નંબર 22564 ઉધના-જયનગરમાં સૌથી વધુ 3700થી 3800 મુસાફરો સવાર થયા હતા. 19045 ઉધના-ધે, 19021 બહરામપુર સ્પેશિયલ, 09047 ઝંઝારપુર સ્પેશિયલ અને 09045 જયનગર સ્પેશિયલ સહિતની ટ્રેનોમાં પણ મોટી સંખ્યામાં મુસાફરો વતન ભણી નીકળ્યા હતા. તમામ ટ્રેનોમાં ટિકિટ ચેકિંગ સ્ટાફ સાથે આર.પી.એફ. અને જી.આર.પી.ના જવાનોનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો.

## ઉનાળુ વેકેશન અને લગ્નસરાની સિઝનને પગલે ભીડ યથાવત, રેલવેએ મુસાફરોને હાલાકી નહી પડે તે માટે વિશેષ આયોજન હાથ ધર્યું

# ‘સેવા પરમો ધર્મ’ સુરત સિવિલ હોસ્પટલમાં દર્દીઓના સ્નેહીઓ માટે સેવા પ્રવૃત્તિનું આયોજન કરવામા આવ્યું

સુરત, તા.૧૭

"સેવા પરમો ધર્મ" અને "કર ભલા તો હોગા ભલા" ના ઉમદા સૂત્રને સાર્થક કરતા એક પ્રેરણાદાયી સેવા કાર્યનો પ્રારંભ સિવિલ હોસ્પિટલ પરિસરમાં કરવામાં આવ્યો છે. અધિક માસના પ્રથમ દિવસના પાવન અવસરે, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના પરિવારજનો અને સ્નેહીજનો માટે વિશેષ નાસ્તાના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પરોપકારી કાર્ય અંતર્ગત દર અઠવાડિયે, ખાસ કરીને રવિવારે દાતાઓ અને મિત્ર વર્તુળના સહયોગથી હોસ્પિટલ પરિસરમાં આવતા દર્દીઓના સગા-સંબંધીઓને શહેરના પ્રખ્યાત શિવશક્તિ સમોસા, ફ્રૂટ્સ (ફળો) તેમજ ભોજનનું વિતરણ કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી સતત ચાલી આવતી આ પરંપરા મુજબ, આ રવિવારે પણ દર્દીઓના સ્નેહીજનોને હોસ્પિટલના પ્રાંગણમાં શિવ શક્તિ સમોસા અને અન્ય ખાદ્ય સામગ્રીનું વિતરણ કરીને સેવાનો એક પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. દાતાઓ અને મિત્ર મંડળના નિઃસ્વાર્થ સહયોગથી આ સેવાયજ્ઞ અવિરતપણે આગળ વધી રહ્યો છે.

## અધિક માસના પ્રથમ દિવસે નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું

# સુરત સ્ટેશને ટ્રેનમાં દારૂની હેરાફેરી બાબતે ZRUCC સભ્ય કલ્પેશ બારોટનો વિરોધ

સુરત, તા.૧૭

સુરત રેલવે સ્ટેશન ખાતે ટ્રેન મારફતે દારૂની હેરાફેરી થતી હોવાના આક્ષેપ સાથે પૂર્વ ZRUCC સભ્ય કલ્પેશ બારોટ અને સમર્થકો દ્વારા રેલવે સ્ટેશન ખાતે વિરોધ નોંધાવ્યો હતો. દારૂબંધીવાળા ગુજરાતમાં રેલવેનો ઉપયોગ કરીને દારૂની સપ્લાય થતી હોવાના મુદ્દે તંત્ર સામે સવાલો ઉઠ્યા છે.

કલ્પેશ બારોટે જણાવ્યું હતું કે વાપી તરફથી ટ્રેનોમાં દારૂની હેરાફેરી કરવામાં આવે છે અને આ બાબતે અગાઉ પણ અનેક વખત રેલવે પોલીસ તથા આરપીએફને રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં દારૂની સપ્લાય અટકવાનું નામ લેતી નથી, જેના કારણે તેઓએ સુરત રેલવે સ્ટેશન પર વિરોધ કાર્યક્રમ યોજ્યો હતો. વિરોધ દરમિયાન પોલીસ તંત્ર સક્રિય બન્યું હતું અને કલપેશ બારોટની અટકાયત કરીને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

# ઉધનાના મિશ્રા પરિવારના ઘરમાંથી રોકડ અને દાગીના સહિત સવા લાખની ચોરી

સુરત, તા.૧૭

ઉધના હરીનગરમાં રહેતો મિશ્રા પરિવાર ઉત્તરપ્રદેશ ભાઈના લગ્ન પ્રસંગમાં ગયો અને તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.1.14 લાખની ચોરી કરી નાસી ગયાનો બનાવ બન્યો છે.

## શિવમ મિશ્રા ભાઈના લગ્નપ્રસંગે ઉત્તરપ્રદેશ ગયા અને તસ્કરો હાથફેરો કરી ગયા

બનાવની પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ઉધન બી.આર. સી ગેટ સામે આવેલા હરીનગર વિભાગ-3માં રહેતા શિવમ શ્રીરામ મિશ્રા ઉધના હરીનગરમાં જ અજય નામે ડેરી ચલાવે છે.

શિવમના ભાઈના લગ્ન હોવાથી તા.27-4-2026ના રોજ શિવમ પરિવાર સાથે ઉત્તરપ્રદેશ વતનમાં ગયા હતા. દરમિયાનમાં તા.30-4-2026ની રાત્રી દરમિયાન કોઈ ચોરે તેમના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાં મૂકેલા રોકડા રૂ.1 લાખ અને સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ.1.14 લાખની મત્તાની ચોરી કરી નાસી ગયા હતા.

બીજા દિવસે સવારે જ્યારે પડોશીએ તેમનું ઘર ખુલ્લુ જોતા તેમણે શિવમનો ફોન કરીને ચોરીની જાણ કરી હતી. બનાવ અંગે શિવમે ઉધના પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ આદરી છે.


इंडियन बैंक | Indian Bank | इलाहाबाद ALLAHABAD

ન્યુ અડાજણ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, સિદ્ધિવિનાયક પેરેડાઈસ, ગંગેશ્વર મહાદેવ-મંદિર રોડ, અડાજણ, સુરત.

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ ને સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૧૨/૦૧/૨૦૨૫ ના રોજ કરજદાર/જામીનદાર શ્રી ગણેશ મધુકર લાડ (કરજદાર) અને શ્રી મંગેશ મધુકર લાડ (સહ-કરજદાર)ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧૮,૦૪,૧૯૪/-(રૂપિયા અઢાર લાખ ચાર હજાર એકસો ચોરાણુ પુરા) + ભવિષ્યનું વ્યાજ અને અન્ય ચાર્જ સહિત સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સેકશન ૧૩ ના સબ-સેકશન (૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો કબજો તારીખ ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્કની બાકી પડતી રકમ રૂા.૧૮,૦૧,૪૩૭/- જે તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અને અન્ય ચાર્જીસ બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ હકક, ટાઈટલ અને રસ ધરાવતી મિલકત ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, ‘‘સોમેશ્વર રેસીડેન્સી’’, બિલ્ટપ વિસ્તારનું માપ ૪૧.૮૦ ચો.મીટર્સ, જેની સાથે બિલ્ડીંગની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત, જે સ્થિત જમીનનો સીટી સર્વે નં. ૩૯૩૫, માપ આશરે ૧૦૩.૬૮૦૧ ચો.મીટર્સ. અને સીટી સર્વે નં. ૩૯૩૬, માપ આશરે ૧૦૦.૩૩૫૬ ચો.મીટર્સ. જેનો સીટી સર્વે વોર્ડ નં.૭, મલાર શેરી, રૂઘનાથપુરા, તાલુકોઃ ચોર્યાસી, જિલ્લોઃ સુરત. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. ૪૦૪, દક્ષિણેઃ અન્ય મિલકત, પૂર્વેઃ અન્ય મિલકત, પશ્ચિમેઃ લીફ્ટ, પેસેજ અને ફ્લેટ નં. ૪૦૨.

તારીખ : ૧૨/૦૫/૨૦૨૬ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત. — ઈંડિયન બેંક, ન્યુ અડાજણ શાખા, સુરત.

इंडियन बैंक | Indian Bank | इलाहाबाद ALLAHABAD

વેસુ શાખાઃ પ્લોટ નં.૪, એવલોન ધી બિઝનેશ હબ, એસ.ડી. જૈન સ્કુલની પાછળ, બીગ બઝાર લાઈન, વેસુ, સુરત.

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક, ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ કરજદાર/મોર્ગેજર શ્રીમતિ લીલાબેન ઈન્દ્રેશકુમાર લાકડાવાલા (કરજદાર) અને શ્રી ઈન્દ્રેશકુમાર હસમુખલાલ લાકડાવાલા (સહ-કરજદાર) ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧૩,૧૨,૯૨૮/- (રૂપિયા તેર લાખ બાર હજાર નવસો અઠ્ઠાવીસ પૈસા પુરા) ઉપરાંત તેની ઉપર વ્યાજ અને અન્ય કાનુની ખર્ચાઓ સહિતની સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યુ હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સેકશન ૧૩ ના સબ-સેકશન (૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો કબજો તારીખ ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કત ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક માટે બાકી પડતી રકમ રૂા.૧૩,૨૭,૨૭૦/- જે તા.૧૨/૦૫/૨૦૨૬ના રોજની બાકી ઉપરાંત તેના ઉપર વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે ફ્લેટ નં. ૧૦૨, પહેલો માળ, ‘‘જય માતાજી રેસીડેન્સી’’, જેના સુપર બિલ્ટપ વિસ્તારનુ માપ ૭૫૦.૦૦ ચો.ફૂટ. એટલે કે ૬૯.૬૮ ચો.મીટર્સ. બિલ્ટપ વિસ્તારનું માપ ૪૩૬ ચો.ફૂટ. એટલે કે ૪૦.૫૧ ચો.મીટર્સ. જેની સાથે બિલ્ડીંગની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત ની મિલકત. જે સ્થિત જમીનનો નોંધ નં. ૧૮૨૨ જેનો સીટી સર્વે નં. ૮, કિરપારામ મહેતાનો ખાંચો, ગોપીપુરા, સુરત.

તારીખ : ૧૨/૦૫/૨૦૨૬ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત — ઈંડિયન બેંક.

**SAME PERSON**

My original name is **AMUBHAI KARSANBHAI KAWA** but in Aadhar Card, PAN Card, Election Card, Bank Account and Govt. and Semi Govt. Documents my name is **AMUBHAI KARSANBHAI KAWA,** But, in my SON Adharcard name is **AMRUTLAL KAVA,** So I declare these all two name Person is myself one only. Please Note.
Sd/-
‘AMUBHAI KARSANBHAI KAWA’, AND ‘AMRUTLAL KAVA’
Address : B-104, Sagar Sankul, Palanpur Canal Road, Jahangirabad, Surat, Gujarat-395005

**જાહેર ચેતવણી**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સૌએ નોટીસ થકી જણાવવાનુ કે સુરત ડિસ્ટ્રિક્ટ સબ ડિસ્ટ્રિક્ટ તાલુકા ઉધનાના મોજે ગામ ડિંડોલીમાં આવેલ રે.સ.ન.૩૦૭, ૩૦૮, બ્લોક ન. ૪૪૬,૪૪૭ થી નોંધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ ન.૧૬૪ મા પુર્વ દિશા તરફની ૧૨ બાય ૧૭.૫ ફુટ ની ચાલી આવેલ મિલકત હાલ નીલાબેન આનંદરાવ સુર્યવંશીના નામે ચાલી આવેલ છે. સદરહુ ઉપરોક્ત મિલકતના લાગતા અસલ દસ્તાવેજ તથા તેની અસલ કબજા રસીદ ક્યાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે. ઉપરોક્ત મિલકતના અસલ દસ્તાવેજો તથા કબજા રસીદ ગુમ થયેલ હોય સદર મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થાનો કોઈ વાંધો, વિરોધ, લાગભાગ, હક્ક, હિત, દાવો, ક્લેઈમ, લેણુ, ચાર્જ, બોજો, લિયાન, ઈઝમેન્ટ સાટાખત, સમજુતી રૂએ ના હક્ક/કરાર, વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં લેખિત પુરાવાઓ લઈ હમોને રૂબરૂ મળવું,,સાટાખત,સમજુતી રૂએ ના હક્ક/કરાર, વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં લેખિત પુરાવાઓ લઈ હમોને રૂબરૂ મળવું, અગર રજી.પોસ્ટ, ટપાલથી જાણ કરવી મુદત વિત્યે કોઈનો કશાપણ પ્રકારનો વાંધો, વિરોધ, તર-તકરાર,લાગભાગ,હક્ક, હિત નથી અથવા હક્ક હિત અધિકાર રાજીખુશીથી જતા કરેલ છે એવુ માની સદર મિલકતનો ટાઈટલ ક્લીયરન્સ રિપોર્ટ લખી આપીશુ. જેને આધારે બેંક મજકુર મિલકત તારણમાં લઈ લોન ધિરાણની સવલત આપશે. તે અંગે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

એડ્રેસઃ પ્લોટ ન. ૬૩૦, મહાદેવ નગર-૨, ડીંડોલી, સુરત. મો.ન. ૯૯૯૮૦ ૯૦૦૮૫
**પ્રિયા વી. કેદારે** તે નીલાબેન આનંદરાવ સુર્યવંશી

बैंक ऑफ़ बड़ौदा | Bank of Baroda

દુધીયા તળાવ શાખા : મ્યુનિસીપલ માર્કેટની સામે, એમ.જી. રોડ, નવસારી - ૩૯૬૪૪૫, ફોન નં. (૦૨૬૩૭) ૨૫૦૮૧૦, (મો) : ૯૬૮૭૬ ૮૦૭૨૫, ઈમેલ : dudhia@bankofbaroda.com

ઈ-હરાજીની તારીખ : ૨૨/૦૬/૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ વાગ્યા થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી

**સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટીસ** — પરિશિષ્ટ-૪ (નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ)

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ ગિરવે મુકેલ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને અને નીચે જણાવેલ ઉધારકર્તાઓ અને જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી સ્થાવર મિલકત ચાર્જ મિલકતો જે બેંકના ચાર્જ માં મુકેલ છે. બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીશ્રીએ નીચે આપેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. નીચે જણાવેલ ખાતાઓમાં બેંક ઓફ બરોડા ની બાકી નીકળતાં નાણાં વસૂલ કરવા માટે મિલકતોનું "જે છે જયાં છે જેમ છે અને જે કાંઈ છે" "આશ્રય વિના" ના ધોરણે વેચાણ કરવામાં આવશે. ઉધારકર્તાઓ / જામીનદારો / મુકરર મિલકતો / બાકી લ્હેણું / અનામત કિંમત/ઈ - હરાજીની તારીખ અને સમય, ઈએમડી અને બીડ વધારવાની રકમ નીચે મુજબ છે.

| ક્રમ નં. | ઉધારકર્તા/જામીનદાર/ મોર્ગેજર નું નામ અને સરનામું | જાણીતો બોજો સાથેની સ્થાવર મિલકતોનું ટુકું વર્ણન આપો, જો કોઈ હોય તો | કુલ બાકી લ્હેંણી રકમ(રકમ રૂા.માં) તા. ૧૨/૦૫/૨૦૨૬ ના સુધી | અનામત કિંમત / ઈએમડી / બીડ વધારવાની રકમ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી ચંદ્રીકાબેન ચંદુલાલ દેવમુરારી (ઉધારકર્તા) અને શ્રી ચંદુલાલ ચીમનભાઈ દેવમુરારી | રહેણાંક મિલકતનો ફલેટ નં. ૩૦૧, ત્રીજો માળ, સમર્પણ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લિમીટેડ, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૬૫૭.૦૦ સ્કે. ફીટ. એટલે કે ૬૧.૦૨ સ્કે.મી., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૫૨૧.૦૦ સ્કે.ફીટ. એટલે કે ૪૮.૪૨ સ્કે.મી. અને અવિભાજીત હકક સાથેનું ક્ષેત્રફળ ૧૩.૪૪ સ્કે.મી., જે સ્થિત રેવન્યુ સર્વે નં. ૨૫૬/એ પૈકી, ટીકા નં. ૮, સી.એસ. નં. ૧૫૧૧, બીન ખેતીલાયક જમીનનું ક્ષેત્રફળ ૧૩૧૭.૬૩ સ્કે.મી. પૈકી ૨૧૭૦.૦૦ સ્કે. ફીટ. એટલે કે ૨૦૧.૬૦ સ્કે.મી., નવસારી નગરપાલિકા વોર્ડ નં. ૧૯ અને મ્યુનિસીપલ હાઉસ નં. ૫૬૯૨/૦. માલિક / ગિરવેદારનું નામ : શ્રીમતી ચંદ્રીકાબેન ચંદુલાલ દેવમુરારી અને શ્રી ચંદુલાલ ચીમનલાલ દેવમુરારી. (પ્રત્યક્ષ કબજો) | રૂા. ૪,૩૩,૨૬૧.૧૬ વત્તા લાગુ ન થયેલ વ્યાજ વત્તા લીગલ અને અન્ય ખર્ચાઓ સાથે | રૂા. ૫,૯૧,૩૦૦/- / રૂા. ૫૯,૧૩૦/- / રૂા. ૧૦,૦૦૦/- |
| ૨. | મે. ઈશ્વર સન્સ (ભાગીદારી પેઢી) ભાગીદારો અને જામીનદારો : શ્રી ઈશ્વરલાલ હોતચંદ બુધાણી, શ્રીમતી પ્રિયંકા વાસુદેવ બુધાણી, શ્રી ધ્રુમીલ વાસુદેવ બુધાણી | તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર રહેણાંક ઘરની મિલકત જે સ્થિત વોર્ડ નં. ૧૨/૧, મ્યુનિસીપલ ઘર નં. (નવો) ૨૪૭, (જુનો) ૨૬૮૨, બાંધકામનો પ્લોટ નં. ૨૫, ન્યુ પટેલ નગર સોસાયટી, તુલસીવન, છાપરા રોડ, તાલુકો - નવસારી, નવસારી, રેવન્યુ સર્વે નં. ૪૩૮૪, ટીકા નં. ૭૩, પ્લોટની જમીનનું ક્ષેત્રફળ ૩૫૭ સ્કે.મી. અને રોડનું ક્ષેત્રફળ ૬૫.૦૩ સ્કે.મી., બાંધકામ સાથે ગ્રાઉન્ડ + પહેલો માળનું ક્ષેત્રફળ ૧૧૪૬.૧૫ સ્કે. ફીટ. એટલે કે ૧૦૬.૫૨ સ્કે.મી. + ૭૨૮.૪૫ સ્કે. ફીટ. એટલે કે ૬૭.૭૦ સ્કે.મી., કુલ એરીયાનું ક્ષેત્રફળ ૧૮૭૪.૬૦ સ્કે. ફીટ. એટલે કે ૧૭૪.૨૨ સ્કે.મી. માલિક / ગિરવેદારનું નામ : શ્રી ઈશ્વરલાલ હોતચંદ બુધાણી. (પ્રત્યક્ષ કબજો) | રૂા. ૩,૨૨,૧૮,૦૩૧.૯૬ વત્તા લાગુ ન થયેલ વ્યાજ વત્તા લીગલ અને અન્ય ખર્ચાઓ સાથે | રૂા. ૧,૨૩,૩૮,૧૦૦/- / રૂા. ૧૨,૩૩,૮૧૦/- / રૂા. ૧૦,૦૦૦/- |

મિલકતની નિરીક્ષણની તારીખ : તા. ૧૮/૦૬/૨૦૨૬, સમય : બપોરે ૧.૦૦ વાગ્યા થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને વેબસાઈટ લિંક : https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ : https://baanknet.com નો સંદર્ભ લો/મુલાકાત લો. ઉપરાંત, સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો ટેલિફોન નં. (૦૨૬૩૭) ૨૫૦૮૧૦, મોબાઈલ : ૯૬૮૭૬૮૦૭૨૫ પર સંપર્ક કરી શકે છે.

તારીખ : ૧૨/૦૫/૨૦૨૬, સ્થળ : નવસારી | નોંધ : (વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે) | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

बैंक ऑफ़ बड़ौदा | Bank of Baroda

**ઈ-હરાજી વેચાણ નોટીસ** — તા. 04-06-2026 — સમય : બપોરે 2.00 થી 6.00

ક્ષેત્રીય કાર્યાલય, સુરત શહેરી ક્ષેત્ર, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 0261-2294808/4720

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) / ગીરો અને જામીનદાર (ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર / જંગમ મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો ધિરાણકર્તા દ્વારા લેવામાં આવ્યો છે.
બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોર્ડ ક્રેડિટર, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ', 'જે છે તે' અને 'આશ્રય વિના'ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાંથી લેણાંનીવસૂલાત માટે વેચવામાં આવશે, ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં.

| ક્રમ | શાખા | કરજદાર/જામીનદાર/મોર્ટગેજરનું નામ | મિલકતોનું વર્ણન | મિલકતનો પ્રકાર | બાકી રકમ (રૂપિયામાં) | અનામત કિંમત (રૂપિયામાં) | ઈએમડી (રૂપિયામાં) | કબજાનો પ્રકાર | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 01. | અમરોલી | બાલુભાઈ કેશુભાઈ ભુવા | ફ્લેટ નં.304, ત્રીજો માળ, બિલ્ડીંગ નં.-F, "હરિ કૃષ્ણા રેસીડેન્સી", રેલવે ફાટક પાસે, બ્લોક નં.338/B, મોજે ઉમરા-સાયણ રોડ, ઉમરા, સુરત-394130. એરિયા :637.00 ચો.ફુટ. | રહેઠાણીય ફ્લેટ | 10,19,051.60 | 6,43,950.00 | 64,395.00 | પ્રત્યક્ષ | દાસ દિલીપ કુમાર 8980026607 |
| 02. | | છાયાબાઈ દિલીપ માલી, સ્વપનિલ દિલીપ માલી | પ્લોટ નં.123, "સુકન રો-હાઉસ", રેવન્યુ સર્વે નં.356/1A, 356/1B, 356/C, જેનો નવો બ્લોક નં.148 (એકત્રીકરણ પહેલા આખી જમીન જુનો બ્લોક નં.148, 149 અને 150 તરીકે ઓળખાય છે), ગામ મુળદ, તા.ઓલપાડ, જી.સુરત. એરિયા : 40.18 ચો.મી. (બિલ્ટ અપ એરિયા). | રહેઠાણીય રો-હાઉસ | 7,95,483.83 | 6,12,000.00 | 61,200.00 | પ્રત્યક્ષ | |
| 03 | ભટાર રોડ | મુકેશ કિશન બાદલ | ફ્લેટ નં.C/304, ત્રીજો માળ, બિલ્ડીંગ નં.C/1, "ઓમ રેસીડેન્સી", રેવન્યુ સર્વે નં.566/1, બ્લોક નં.1022, ટી.પી. સ્કીમ નં.66 (કોસાડ-વરિયાવ), ફાઈનલ પ્લોટ નં.313 પૈકી દક્ષિણ તરફનો ભાગ વિભાગ-B, C, ગામ કોસાડ, સબ ડિસ્ટ્રી. સુરત સિટી (હાલ અડાજણ), જી.સુરત. એરિયા : સુપર બિલ્ટ અપ એરિયા 647 ચો.ફુટ યાને 60.13 ચો.મી. અને બિલ્ટ અપ એરિયા 466 ચો.ફુટ યાને 43.30 ચો.મી. | રહેઠાણીય ફ્લેટ | 9,92,478.00 | 9,22,500.00 | 92,250.00 | પ્રત્યક્ષ | ભુષણ સોનાવલે 8980026680 |
| 04. | મજુરાગેટ | મધુરેન્દ્રકુમાર કુશવાહા, નેહાકુમારી મધુરેન્દ્રકુમાર કુશવાહા | રહેઠાણીય રો-હાઉસ, પ્લોટ નં.385, "રાહી ટાઉનશીપ, વિભાગ-1", રૂદ્રાક્ષ રેસીડેન્સી પાસે, રેવન્યુ સર્વે નં.352, 353 અને 354, બ્લોક નં.369, કારેલી, પલસાણા, સુરત-394310. એરિયા :62.09 ચો.મી. | રહેઠાણીય રો-હાઉસ | 13,04,818.13 | 7,54,920.00 | 75,492.00 | પ્રત્યક્ષ | આનંદ બિજય 8210241806 |
| 05. | | કમલેશ વિજયપ્રસાદ ખટિક | પ્લોટ નં.81, "શિવ ધારા રેસિડેન્સી", રેવન્યુ સર્વે નં.70, બ્લોક નં.92, જોલવા બસ સ્ટેશન પાસે, ગાર્ડન વેલી પાછળ, આરાધના રેસીડેન્સી નજીક, જોલવા-બગુમરા કેનાલ રોડ, જોલવા, પલસાણા, સુરત-394310. એરિયા :40.15 ચો.મી. | રહેઠાણીય રો-હાઉસ | 9,56,681.34 | 5,94,000.00 | 59,400.00 | પ્રત્યક્ષ | |
| 06. | | જયસ્વાલ કપુરચંદ આંતુ, સુનિતાબેન કપુરચંદ જયસ્વાલ | રહેઠાણીય રો-હાઉસ જે પ્લોટ નં.475 ખાતે સ્થિત, "ગ્રીન પાર્ક વિભાગ-2", B-ટાઈપ, હાઈડ્રોજલ પ્લસ હોટલ સર્વોત્તમ પાસે, રેવન્યુ સર્વે નં.499, 500/1, 500/2, 501 અને 502, જુનો બ્લોક નં.23, 24, 28 (રી-સર્વે બાદ નવો બ્લોક નં.25, 26, 30), સુરત-બારડોલી રોડ, મોજે ગામ હલધરૂ, સબ ડિસ્ટ્રી. કામરેજ, જી.સુરત-394130. એરિયા :40.15 ચો.મી. | રહેઠાણીય રો-હાઉસ | 8,43,045.00 | 9,15,000.00 | 91,500.00 | પ્રત્યક્ષ | |
| 07. | સલાબતપુરા | એમ એસ ટેક્ષ, મહેન સુરેશભાઈ પટેલ | રહેઠાણીય ફ્લેટ જેનો ફ્લેટ નં.1104, અગિયારમો માળ, બિલ્ડીંગ નં.A, "કોરલ હાઈટ્સ", શિવાલીક ક્રાઉન સામે, ઓલિવા હાઈટ્સ પાસે, ભીમરાડ-અલથાણ રોડ, ભીમરાડ, રેવન્યુ સર્વે નં.54 પૈકી 1+2B, બ્લોક નં.102, ટી.પી. સ્કીમ નં.43 (ભીમરાડ), ઓપન પ્લોટ નં.44, ફાઈનલ પ્લોટ નં.15, મોજે ભીમરાડ, સબ ડિસ્ટ્રી. સુરત સિટી, જી.સુરત-395007. એરિયા :118.45 ચો.મી. યાને 1257.06 ચો.ફુટ (BUA), 171.86 ચો.મી. યાને 1851.00 ચો.ફુટ (SBA). | રહેઠાણીય ફ્લેટ | 58,99,970.45 | 63,92,000.00 | 6,39,200.00 | પ્રત્યક્ષ | રાજ ચરન 8980026675 |
| 08. | સૈયદપુરા | સન્ની રાજેન્દ્ર સિંહ | રહેઠાણીય ગાળા ટાઈપ મિલકત, પ્લોટ નં.49, બ્લોક નં.29, "આરાધન પેલેસ", આરાધના લેક ટાઉન-2 પાસે, સાહિબા મીલ પાછળ, કડોદરા-બારડોલી રોડ, મોજે જોલવા, તા.પલસાણા, સુરત. જમીનનો એરિયા :40.15 ચો.મી. અને બિલ્ટ અપ એરિયા 24.15 ચો.મી. | રહેઠાણીય ગાળા ટાઈપ | 10,03,905.86 | 6,88,500.00 | 68,850.00 | પ્રત્યક્ષ | અચારી સદાશિવ 8980026674 |
| 09. | | મનોજકુમાર સૂર્યભાન સિંહ | રહેઠાણીય ગાળા ટાઈપ મિલકત, પ્લોટ નં.50, બ્લોક નં.29, "આરાધન પેલેસ", આરાધના લેક ટાઉન-2 પાસે, સાહિબા મીલ પાછળ, કડોદરા-બારડોલી રોડ, મોજે જોલવા, તા.પલસાણા, સુરત. જમીનનો એરિયા :40.15 ચો.મી. અને બિલ્ટ અપ એરિયા 24.15 ચો.મી. | રહેઠાણીય ગાળા ટાઈપ | 9,95,450.95 | 6,88,500.00 | 68,850.00 | પ્રત્યક્ષ | |
| 10. | | સુર્યા પ્રભાતસિંહ સૂર્યનાથસિંહ | રહેઠાણીય ગાળા ટાઈપ મિલકત, પ્લોટ નં.45, "આરાધના પેલેસ", બ્લોક નં.29, મોજે જોલવા, આરાધના લેક ટાઉન પાસે, જોલવા ગ્રામ પંચાયત નજિક, જોલવા ગામ રોડ, જોલવા, પલસાણા, સુરત-394350. એરિયા :40.15 ચો.મી. | રહેઠાણીય ગાળા ટાઈપ | 10,20,698.00 | 6,88,500.00 | 68,850.00 | પ્રત્યક્ષ | |
| 11. | વેડ રોડ | કૈલાશબેન નાગજીભાઈ માંગુકીયા, મહેન્દ્રભાઈ નાગજીભાઈ માંગુકીયા | રહેઠાણીય ગાળા ટાઈપ મિલકત પ્લોટ નં.401, "શિવ વાટિકા રેસીડેન્સી-2", જુહીકા રેસીડેન્સી-2 સામે, સમર્પણ વિલા પાસે, રેવન્યુ સર્વે નં.70/1, 70/2, બ્લોક નં.66, રી-સર્વે બાદ બ્લોક નં.87 અને 88, નનસાડ રોડ, કામરેજ, સુરત-394180. એરિયા 40.14 ચો.મી. | રહેઠાણીય ગાળા ટાઈપ | 12,11,074.00 | 6,21,000.00 | 62,100.00 | પ્રત્યક્ષ | માહતો સોને લાલ 8980026609 |
| 12. | વીઆઈપી રોડ | લવલેશ રામેશ્વર મિશ્રા | ફ્લેટ નં.B/207, બીજો માળ, બિલ્ડીંગ નં.B, "માર્ક પોઈન્ટ", ફાઈનલ પ્લોટ નં.172, ટી.પી. સ્કીમ નં.69 (ગોડાદરા-ડીંડોલી), બ્લોક નં.203, રેવન્યુ સર્વે નં.128/2, મોજે ડીંડોલી, તા.સુરત સિટી, જી.સુરત. એરિયા : સુપર બિલ્ટ અપ એરિયા 620.00 ચો.ફુટ, બિલ્ટ અપ એરિયા 37.79 ચો.મી., કાર્પેટ એરિયા :34.28 ચો.મી. | રહેઠાણીય ફ્લેટ | 1,68,550.63 | 7,65,900.00 | 76,590.00 | પ્રત્યક્ષ | શશીકુમાર સિંહ 8980026781 |
| 13. | | શૈલેષભાઈ હિમ્મતભાઈ જોતાનીયા | પ્લોટ નં.178, "શ્રી શુભ રેસીડેન્સી", રેવન્યુ સર્વે નં.192/2, બ્લોક નં.204, એંજોય ફાર્મ અને વંડર વિલેજ પાસે, વાવ-ઓરણા રોડ, જોખા, તા.કામરેજ, સુરત-394326. એરિયા :63.51 ચો.મી. | રહેઠાણીય રો-હાઉસ | 19,18,750.44 | 7,52,328.00 | 75,233.00 | પ્રત્યક્ષ | |

કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ 15 દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ | ન્યૂનતમ બિડ વધારાની રકમ રૂપિયા 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા) | મિલકતનું નિરીક્ષણ તા. 18-05-2026 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://bankofbaroda.bank.in/e-auction અને ઓનલાઈન હરાજી પોર્ટલ માટે https://baanknet.com તથા ફોન : 0261-2294808/4720 નો સંપર્ક કરો.

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

સ્થળ : સુરત. | તારીખઃ 16-05-2026 (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.


Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry.